# સરસપુર નાગરિક કો-ઓપરેટીવ બેંક લીમીટેડ

## બોર્ડ ઓફ ડીરેકટર્સ

| | | |
|---|---|---|
| ચેરમેન | : | શ્રી નવીનચંદ્ર અમૃતલાલ પટેલ |
| વાઈસ ચેરમેન | : | શ્રી દિલીપભાઈ બાબુલાલ પટેલ |
| મેનેજીંગ ડિરેકટર | : | શ્રી વાડીભાઈ પીતાંબરદાસ પટેલ |
| જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર | : | શ્રી નવીનચંદ્ર કાનજીભાઈ પટેલ |
| ડિરેકટર્સ | : | શ્રી અરવિંદભાઈ રામભાઈ પટેલ |
| | | શ્રી જયંતિલાલ મગનલાલ પટેલ |
| | | શ્રી રમેશભાઈ નારણદાસ પટેલ |
| | | શ્રી હરીશ ભીખાભાઈ પટેલ **(C.A.)** |
| | | શ્રી બાબુભાઈ ઈશ્વરદાસ પટેલ |
| | | શ્રી મફતલાલ જીવરામદાસ પટેલ |
| | | શ્રી કલ્પેશભાઈ દિનેશચંદ્ર પટેલ |
| | | ડૉ. પ્રભુદાસ ઈશ્વરદાસ પટેલ |
| | | ડૉ. અજયભાઈ ભાઈલાલભાઈ પટેલ |
| | | શ્રીમતી ચારૂબેન શૈલેષભાઈ પટેલ |
| | | શ્રી રમેશભાઈ કેશવલાલ પટેલ (નિવૃત્ત બેંક મેનેજર) (તા. ૩૦-૫-૨૦૨૦ સુધી) |
| જનરલ મેનેજર-ઈનચાર્જ | : | શ્રી દર્શક સી. પટેલ |
| બેંકર્સ | : | રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા |
| | | ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ. |
| | | ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો. ઓ. બેંક લિ. |
| | | એચ. ડી. એફ. સી. બેંક લિ. |
| | | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા |
| | | આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લી. |
| | | ધી કાલુપુર કોમર્શીયલ કો. ઓ. બેંક લી. |

**રીઝર્વ બેંક લાઈસન્સ નં. : યુ.બી.ડી., જી.યુ.જે. ૧૫૨૮ પી તા. ૨૨-૧૨-૧૯૯૭**
**સ્થાપના દિવસ : ૫-૯-૧૯૬૮ રજીસ્ટ્રેશન નં. : સે-૧૦૯૮**
**કામકાજ શરૂ કર્યા તારીખ : ૨૬-૧૦-૧૯૬૮**

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી ચેરમેનશ્રી દ્વારા રજૂ થયેલ
## ૫૨ મો વાર્ષિક અહેવાલ સને ૨૦૧૯-૨૦૨૦

**માનવંતા સભાસદ ભાઈઓ અને બહેનો,**

આપણી બેંકનો ૫૨ મો વાર્ષિક અહેવાલ મોકલતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું. બેંકની ૫૨ મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌને આવકારતા આનંદ અનુભવું છું બેંકની સ્થાપનાથી જ 'સેવા' અને 'સહકાર'ની ભાવના કેન્દ્ર સ્થાને રાખીને બેંક દ્વારા હાલમાં ૧૧ શાખાઓ તેમજ હેડ ઓફીસ દ્વારા બેન્કીંગ સેવાઓ આપવામાં આવે છે. ૫૨ વર્ષથી બેન્કીંગ સેવાઓ આપતી આપણી બેંક એક અગ્રણી સહકારી બેંક તરીકે પ્રગતિ કરી રહી છે. તા. ૩૧-૩-૨૦૨૦ પુરા થયેલ નાણાકીય વર્ષના ઓડીટ થયેલા હિસાબો, સરવૈયા, નફા-નુકસાન ખાતુ વગેરે ઉપર દ્રષ્ટિપાત કરતા આપ જોશો કે આપણી બેંકે સૌના સહીયારા પુરૂષાર્થથી સંતોષકારક પ્રગતિ હાંસલ કરી છે.

**સ્વકિય ભંડોળ :**

વર્ષના અંતે ભરપાઈ થયેલ શેર મૂડી રૂા. ૩.૧૯ કરોડ છે. જ્યારે કુલ રીઝર્વ રૂા. ૮૦.૩૪ કરોડ છે. આમ સ્વકિય ભંડોળ કુલ રૂા. ૮૩.૫૩ કરોડ થાય છે. જે બેંકની નાણાકીય સ્થિતિ મજબૂત બતાવે છે.

**થાપણો :**

ચાલુ નાણાકીય વર્ષની શરૂઆતમાં આપણી બેંકની થાપણો રૂા. ૩૫૩.૪૯ કરોડ હતી, જે વધીને વર્ષના અંતે રૂા. ૪૪૦.૧૬ કરોડની થયેલ છે. આમ, ડીપોઝીટમાં કુલ વધારો રૂા. ૮૬.૬૭ કરોડનો થયેલ છે. આમ થાપણ વૃદ્ધિ દર ૨૪.૫૧% રહેલ છે. લો કોસ્ટ ડીપોઝીટનો રેશીઓ ૩૪.૦૬% નોંધાયેલ છે.

**ધિરાણ :**

બેંકનું ધિરાણ વધે તેમજ બીજી બેંકોની હરિફાઈને ધ્યાનમાં રાખીને બેંક વિવિધ ધિરાણ સ્કીમ દ્વારા ધિરાણ કરે છે. ચાલુ નાણાકીય વર્ષની શરૂઆતમાં બેંકનું કુલ ધિરાણ રૂા. ૨૦૬.૬૭ કરોડ હતું, જે વધીને વર્ષના અંતે રૂા. ૨૩૮.૩૨ કરોડ થયું છે. આમ, ધિરાણમાં કુલ વધારો રૂા. ૩૧.૬૫ કરોડ થયેલ છે. આમ, ધિરાણ વૃદ્ધિ દર ૧૫.૩૨% રહેલ છે. બેંકનો ક્રેડીટ ડીપોઝીટ રેશીઓ ૫૪.૧૪% થાય છે. જેથી નફાનો વૃદ્ધિદર સારો છે.

**નફો તથા તેની ફાળવણી :**

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ નું સ્ટેટ્યુટરી ઓડીટ, રજીસ્ટ્રાર કો. ઓ. સોસાયટીઝ દ્વારા નિયુક્ત કરેલ પેનલમાંથી મેસર્સ પી. પી. પટેલ એન્ડ બ્રધર્સ સી.એ. દ્વારા કરવામાં આવેલ છે. બેંકને ઓડીટ વર્ગ 'અ' આપેલ છે. બેંકે પ્રગતિના પંથે આગેકૂચ કરતા ચોખ્ખો નફો રૂા. ૭.૧૪ કરોડ કરેલ છે. બેંકના બોર્ડ ઑફ ડીરેક્ટર્સ દ્વારા નફાની ફાળવણી નીચે મુજબ કરવાની ભલામણ કરી છે, જેને મંજૂર રાખવા ભલામણ કરૂં છું.

## તા. ૩૧-૩-૨૦૨૦ ના રોજ પુરા થતા નાણાકીય વર્ષની
## કુલ આવક, ખર્ચ અને જોગવાઈઓ તથા ચોખ્ખો નફો અને તેની ફાળવણી

| | | |
|---|---|---|
| કુલ આવક | : | ૪૬,૪૩,૩૩,૫૯૫ |
| કુલ ખર્ચ | : | ૩૪,૭૮,૧૫,૨૯૮ |
| ગ્રોસ નફો | : | ૧૧,૬૫,૧૮,૨૯૭ |
| ઈન્કમટેક્ષ તેમજ અન્ય જોગવાઈઓ | : | ૪,૫૧,૫૧,૭૬૩ |
| ચોખ્ખો નફો | : | ૭,૧૩,૬૬,૫૩૪ |

| અ.નં. | વિગત | રકમ રૂા. | અ.નં. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧. | રીઝર્વ ફંડ | ૨,૪૯,૭૮,૨૮૭ | ૭. | મકાન ફંડ | ૬૫,૦૧,૭૫૯ |
| ૨. | બેડ ડેબ્ટ ફંડ | ૫૭,૦૯,૩૨૩ | ૮. | સહકાર પ્રચાર ફંડ | ૫૦,૦૦૦ |
| ૩. | શિક્ષણ ફાળો | ૩,૦૦,૦૦૦ | ૯. | મહોત્સવ ફંડ | ૫૦,૦૦૦ |
| ૪. | ડિવિડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ | ૬,૩૯,૬૮૬ | ૧૦. | સભાસદ પ્રોત્સાહન ફંડ | ૧,૦૦,૦૦૦ |
| ૫. | ધર્માદા ફંડ | ૧,૦૦,૦૦૦ | ૧૧. | ચોખ્ખો નફો | ૭,૧૩,૬૬,૫૩૪ |
| ૬. | ઈન્વેસ્ટમેન્ટ ફલકચ્યુએશન ફંડ | ૩,૨૯,૩૭,૪૭૯ | | | |

**ડિવિડન્ડ :**

કોવીડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું ડિવિડન્ડ જાહેર ન કરવાની સૂચના RBI દ્વારા તમામ સહકારી બેન્કસને આપવામાં આવેલ હોવાથી ડિવિડન્ડની જોગવાઈ તેમજ જાહેરાત કરવામાં આવેલ નથી.

**રોકાણો :**

ચાલુ વર્ષ દરમ્યાન બેંકે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા અનુસાર, કાયદેસર જાળવવા પડતા એસ.એલ.આર. તથા સી.આર.આર.ના ધોરણોનું સતત પાલન કરેલ છે. બેંક દ્વારા તેના લોનેબલ ફંડસમાંથી વધુમાં વધુ આવક થાય તે માટે પ્રયત્નો કર્યા છે. આથી ધિરાણોને પ્રાધાન્ય આપ્યા બાદ, રોકાણ માન્ય બેંકોમાં ડીપોઝીટોમાં મુકેલ છે. તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ રોકાણોની વિગત નીચે મુજબ છે :

| અનુ. નંબર | રોકાણોની વિગત | રકમ |
|---|---|---|
| ૧. | મધ્યસ્થ અને રાજ્ય સરકારની જામીનગીરીમાં રોકાણ | ૨,૪૩,૯૫,૬૩,૫૩૮ |
| ૨. | એ.ડી.સી. બેંક લી., જી.એસ.સી. બેંક લી. અને HDFC બેંકની થાપણો | ૭,૫૪,૦૦,૦૦૦ |
| ૩. | જી.એસ.સી. બેંક લી. અને એ.ડી.સી. બેંક લિ. ના શેર | ૧૮,૫૦,૦૦૦ |
| ૪. | એચ.ડી.એફ.સી. બેંકની કોલ ડીપોઝીટ | ૧૬,૨૦,૦૦,૦૦૦ |
| ૫. | રોકડ સિલક તથા અન્ય બેંકમાં ચાલુ ખાતે | ૧૮,૭૦,૧૧,૪૦૫ |
| | કુલ | ૨,૮૫,૨૮,૭૦,૯૯૭ |

**બેંકની પ્રગતિના આંકડા :** (રકમ રૂા. કરોડમાં)

| અ. નં. | વિગત | નાણાકીય વર્ષ | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪-૦૫ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૯-૨૦ |
| ૧. | શેર મૂડી રૂા. | ૧.૦૩ | ૨.૧૨ | ૩.૫૫ | ૩.૧૯ |
| ૨. | સભાસદ સંખ્યા | ૧૧૯૭૪ | ૧૩૫૫૦ | ૧૨૯૩૮ | ૧૪૬૬૩ |
| ૩. | રીઝર્વ તથા અન્ય ફંડ રૂા. | ૩૧.૦૪ | ૩૬.૪૦ | ૫૩.૨૩ | ૮૦.૩૪ |
| ૪. | ડીપોઝીટ રૂા. | ૪૪.૯૯ | ૮૩.૩૩ | ૧૫૫.૫૨ | ૪૪૦.૧૫ |
| ૫. | ધિરાણ રૂા. | ૨૧.૭૩ | ૩૭.૪૦ | ૧૦૩.૩૨ | ૨૩૮.૩૨ |
| ૬. | રોકાણો રૂા. | ૫૮.૦૫ | ૮૭.૦૦ | ૧૧૬.૩૫ | ૨૮૫.૨૮ |
| ૭. | વર્કીંગ કેપીટલ રૂા. | ૮૪.૧૩ | ૧૨૯.૯૨ | ૨૨૭.૬૫ | ૫૩૯.૨૧ |
| ૮. | ચોખ્ખો નફો રૂા. | ૦.૮૮ | ૨.૫૪ | ૩.૭૯ | ૭.૧૩ |

## બેંકની શાખાઓ :

વર્ષના અંતે કુલ ૧૧ શાખાઓ તેમજ હેડઓફીસ કાર્યરત છે. આ તમામ શાખાઓ CBS થી સંકળાયેલી હોવાથી ખાતેદાર કોઈપણ શાખામાંથી કોઈપણ સર્વિસ ચાર્જ વગર ટ્રાન્જેક્શન કરી શકે છે.

## નોન-પરફોર્મીંગ એસેટ્સ (NPA) અને પ્રોવિઝન :

બેંક દ્વારા વિવિધ ધિરાણ સ્કીમ નીચે ધિરાણો કરવામાં આવે છે. આમાંથી અમુક કરજદારો તેમના વ્યાવસાયિક કારણોસર નબળા પડવાથી તેમની નાણાકીય પરિસ્થિતિને અસરો થવાથી બેંકમાં સમયસર નાણાં પરત ન ભરવાથી આવા ધિરાણો કાળક્રમે NPA થાય છે. તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ બેંકનું કુલ ધિરાણ રૂા. ૨૩૮.૩૨ કરોડ કુલ (૨૯૮૮ બોરોવરને) આપવામાં આવેલ છે. તેમાં ફક્ત ૯૪ બોરોવરના ખાતા રૂા. ૬.૨૭ કરોડ બાકી સાથે NPA થયા છે, જે ધિરાણની રકમના પ્રમાણમાં ગ્રોસ NPA ૨.૬૩% છે. બેંકનું નેટ NPA ૦% (શૂન્ય) છે.

રીઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના આદેશ મુજબ નોન પરફોર્મીંગ એસેટ્સની જરૂરી જોગવાઈ રૂા. ૩.૫૫ કરોડની સામે રૂા. ૨૫.૨૮ કરોડની કુલ જોગવાઈ બેંક દ્વારા કરેલ છે. આમ, બેંક દ્વારા વધારાની જોગવાઈ રૂા. ૨૧.૭૩ કરોડ કરવામાં આવી છે.

## ડીપોઝીટ ઇન્સ્યુરન્સ :

બેંકના થાપણદારોની રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) સુધીની થાપણોની સુરક્ષા અને સલામતિ માટે આપણી બેંક તરફથી ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશનને દર છ માસે ડીપોઝીટના વીમાનું એડવાન્સ પ્રિમિયમ ચુકવવામાં આવે છે. આપણી બેંકે તા. ૩૧-૩-૨૦૨૧ સુધીના સમયનું એડવાન્સ પ્રિમિયમ કોર્પોરેશનને ચુકવી આપેલ છે.

## ડીજીટલ બેંકીંગ સેવાઓ :

બેંક દ્વારા હાલમાં નીચે જણાવેલ ડીજીટલ બેંકીંગ સેવાઓ આપવામાં આવે છે :

- RTGS, NEFT, N-ECS, NACH તથા IMPS ની સુવિધા
- RUPAY DEBIT CARD ની સુવિધા
- MOBILE BANKING દ્વારા બેંકની એપ્લીકેશન ડાઉનલોડ કરીને ટ્રાન્ઝેક્શન કરવાની સુવિધા.
- ભારત બીલ પેમેન્ટ સિસ્ટમ (BBPS) દ્વારા લાઈટ બીલ, ટેલીફોન બીલ, ગેસ બીલ, મોબાઈલ પોસ્ટપેડ બીલના પેમેન્ટની સુવિધા.
- MISSED CALL કરીને ખાતેદારના ખાતામાં બેલેન્સની જાણકારીની સુવિધા.
- NET BANKING દ્વારા બેલેન્સની જાણકારી, સ્ટેટમેન્ટ કાઢવાની સુવિધા.
- E-PAYMENT દ્વારા તમામ ટેક્ષનું પેમેન્ટ કરવાની સુવિધા.

ઉપરોક્ત સેવાઓનો લાભ તમામ ખાતેદારો દ્વારા વધુને વધુ લેવામાં આવે તેવી અમારી ખાસ વિનંતી છે.

## સમાજીક ઉત્તરદાયિત્વ :

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સૂચના મુજબ બેંક દર વર્ષે ચોખા નફાના ૧% જેટલી રકમ સામાજીક, શૈક્ષણિક, આરોગ્ય જેવા ક્ષેત્રોમાં કામ કરતી સંસ્થાઓને દાન પેટે આપી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદને તેમજ રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન ગુજરાત કેન્સર સોસાયટી, અમદાવાદને આપવામાં આવ્યું છે. રૂા. ૫૦,૦૦૦/- નું દાન ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ મુનિશ્રી સંતબાલજી આશ્રમ ગુંદીને આપવામાં આવ્યું છે. રૂા. ૧,૬૦,૦૦૦/- નું દાન લીલાબા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદને આપવામાં આવ્યું છે. આ ઉપરાંત રૂા. ૨,૪૧,૦૦૦/- નું દાન કોવિડ-૧૯ અંગે ચીફ મીનીસ્ટર રીલીફ ફંડમાં આપવામાં આવ્યું છે.

## સભાસદ સહાય યોજના :

બેંક દ્વારા સામાજીક જવાબદારીના ભાગરૂપે ૩૮ દિવંગત સભાસદોને સને ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન રૂા. ૧,૯૦,૦૦૦ તેમજ મોતિયાના ઓપરેશન સહાય પેટે ૨૮ સભાસદોને રૂા. ૫૬,૦૦૦ તેમજ સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર રૂપે રૂા. ૧૦,૯૦૦ની આર્થિક સહાય આપવામાં આવી છે.

## પ્રાયોરીટી સેક્ટરનું ધિરાણ :

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સુચના પ્રમાણે, બેંકોએ તેમની એડજસ્ટેડ નેટ બેંક ક્રેડિટના ૪૦% જેટલું ધિરાણ પ્રાયોરિટી સેક્ટરમાં તેમજ ૧૦% ધિરાણ નબળા વર્ગોને કરવાનું હોય છે. તદ્અનુસાર વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ને અંતે આપણી બેંકનું પ્રાયોરિટી સેક્ટરમાં ધિરાણ ૫૯.૧૫% જેટલું છે. નબળા વર્ગોને થયેલું ધિરાણ ૧૭.૨૦% છે. બેંક આ ક્ષેત્રોમાં ધિરાણ વધારવા સઘન પ્રયાસો કરે છે.

## બેંકના ડિરેક્ટર્સને ધિરાણ :

આપણી બેંકમાં કોઈપણ ડિરેક્ટરને કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા વ્યાખ્યાયિત તેમનાં સગાં સંબંધીને, તેમણે પોતે આપણી બેંકમાં મૂકેલ બાંધીમુદતની થાપણો પર અપાતા ધિરાણ સિવાય અન્ય કોઈ પણ પ્રકારનું ધિરાણ આપવામાં આવતું નથી અને તે રીતે બેંક દ્વારા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના આદેશનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે.

## કોર્પોરેટ કમ કો-ઓપરેટીવ ગવર્નન્સ :

વર્તમાન સમયમાં, કોઈપણ બેંકના સંચાલન માટે, કોર્પોરેટ ગવર્નન્સના સિદ્ધાંતોનું પાલન થાય તે ખૂબ જ જરૂરી છે. આપણી બેંક વહીવટમાં કોર્પોરેટ ગવર્નન્સને પ્રાધાન્ય તો આપે જ છે, પરંતુ આપણી બેંક કો. ઓપરેટીવ બેંક હોવાથી બેંકનો વહીવટ કોર્પોરેટ ગવર્નન્સના સિદ્ધાંતોની સાથે કો. ઓપરેટીવ મુલ્યોને પણ એટલું જ મહત્વ આપે છે.

બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સમાજ અને સભાસદો પ્રત્યેની જવાબદારી સમજીને, રિઝર્વ બેંક દ્વારા અપાતી સૂચનાઓનું શ્રેષ્ઠ પાલન કરે છે. બેંકના વહીવટમાં મદદરૂપ થવાય એટલા માટે, બોર્ડ દ્વારા નિમાયેલી વિવિધ કમિટિઓની મિટિંગો જરૂરિયાત પ્રમાણે મળે છે. બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં બે પ્રોફેશનલ ડિરેક્ટર્સ નિમવામાં આવ્યા છે. બોર્ડમાં તમામ નિર્ણયો સર્વાનુમતે લેવાય છે.

## કર્મચારી કૌશલ્યવર્ધન :

બેંકની પ્રગતિમાં કર્મચારીનું મહત્ત્વનું યોગદાન હોવાથી કર્મચારીઓના કૌશલ્યવર્ધન તેમજ પ્રતિભાને નિખારવા માટે બેંક સતત પ્રયત્નશીલ રહે છે. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને વર્ષ દરમ્યાન કર્મચારી માટે ઇન્ટરનલ તેમજ એક્સટર્નલ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. બેંક દ્વારા JAIIB/CAIIB પરીક્ષા માટે બેંકમાં વર્ગો ચલાવવાનું આયોજન કરવામાં આવેલ છે. કર્મચારીઓના ઉત્સાહને જાળવી રાખવા માટે સંતોષજનક વેતન, આંતરીક પ્રમોશન, બોનસ, એવોર્ડઝ, ઇનામ આપવામાં આવે છે.

## સરકારશ્રીની વીમા યોજનાઓનું અમલીકરણ :

જાહેર જનતાના લાભાર્થે ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલી પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) તેમજ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) માં આપણી બેંકે સંતોષજનક કામગીરી કરી છે. અત્યાર સુધીમાં PMSBY યોજનામાં ૧૧૨૭ ગ્રાહકો તથા PMJJBY યોજનામાં ૩૩૬ ગ્રાહકોને આવરી લેવામાં આવ્યા છે.

## બેંકના ગ્રાહકો સાથે મીટીંગ :

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન બેંકની નવરંગપુરા, મેમનગર, સાંતેજ રોડ, ગોતા તથા રાણીપ શાખાની કસ્ટમર મીટ ૧૩-૨-૨૦૨૦ ના રોજ રાખવામાં આવી હતી. જ્યારે બેંકની સરસપુર, વસ્ત્રાલ, કઠવાડા, નવા નરોડા, અમરાઈવાડી તથા નિકોલ શાખાની કસ્ટમર મીટ તા. ૨-૩-૨૦૨૦ ના રોજ રાખવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ખાતેદારો દ્વારા હાજરી આપીને બેંકરની કસ્ટમર સર્વિસ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. કસ્ટમર દ્વારા સર્વિસ ચાર્જીસ તેમજ વ્યાજના દર અંગે સૂચનો કરવામાં આવ્યા હતાં. જેની નોંધ લેવામાં આવી હતી.

**રીસ્ક મેનેજમેન્ટ :**

બેંકની રોજબરોજની કામગીરીમાં રીસ્ક મેનેજમેન્ટની જરૂરિયાતને તેમજ RBI ના આદેશ અનુસાર ધિરાણ અંગેના જોખમોને નિયંત્રિત કરવા બોર્ડના સભ્યોની ઓડીટ કમિટિ તેમજ રીકવરી કમિટિની રચના કરવામાં આવી છે. બજારના જોખમોનો અભ્યાસ કરીને સમયસર રોકાણો કરવા માટે ઈન્વેસ્ટમેન્ટ કમિટિની રચના કરવામાં આવી છે. જે સમયાંતરે મળી યોગ્ય નિર્ણયો લે છે. સાઈબર સુરક્ષા નિયંત્રણ અંગે RBI દ્વારા તાજેતરમાં પરિપત્ર બહાર પાડેલ છે. આપણી બેંકે આ નિયંત્રણોને અમલમાં મુકવા તથા સાયબર હુમલાથી બચવા માટે જરૂરી પગલાં લેવાના ચાલુ કરી દીધા છે. બેંકમાં લિક્વીડીટીનું જોખમ ઊભું ન થાય એ માટે બેંકની એસેટ લાયેબિલીટી કમિટિ સમયાંતરે મળીને RBI ને આ અંગ જરૂરી પત્રકો સમયસર મોકલવામાં આવે છે. બેંક દ્વારા SLR / CRR ની જાળવણીમાં ક્યારેય ચુક કરવામાં આવી નથી. આમ, આપણી બેંકમાં જોખમ પ્રબંધન કામગીરીની પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**શ્રદ્ધાંજલી :**

બેંકના ડીરેક્ટર શ્રી રમેશભાઈ કેશવલાલ પટેલનું દુઃખદ અવસાન તા. ૩૦-૫-૨૦૨૦ ના રોજ થયેલ છે. તેઓના બહોળા અનુભવનો લાભ બેંકને અવિરતપણે મળેલ છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એવી અભ્યર્થના.

**આભાર દર્શન :**

બેંકના ચેરમેન તરીકે બેંકના સભાસદો, ગ્રાહકો તથા શુભેચ્છકોના મૂલ્યવાન સહયોગ બદલ આભાર વ્યક્ત કરું છું. બેંકના સુવ્યવસ્થિત સંચાલન અને પ્રગતિમાં સતત સાથ આપનાર બેંકના વાઈસ ચેરમેન શ્રી દિલીપભાઈ બી. પટેલ તથા મેનેજીંગ ડિરેક્ટર શ્રી વાડીભાઈ પી. પટેલ તથા જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર શ્રી નવીનચંદ્ર કે. પટેલ, શ્રી હરીશભાઈ બી. પટેલ (C.A.) ડીરેક્ટર તથા અન્ય સાથી ડિરેક્ટર્સશ્રીઓ પોતાનો અમૂલ્ય સમય આપી સેવાઓ આપી રહ્યા છે. તેમનો હ્રદયપૂર્વક આભાર માની કદર કરું છું.

બેંકના સરળ વહીવટ માટે જરૂરી સલાહ સૂચનો તેમજ માર્ગદર્શન આપવા બદલ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને રજીસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર, જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (અમદાવાદ શહેર), ગુજરાત અર્બન કો. ઓ. બેંક્સ ફેડરેશન, અમદાવાદ સીટી એન્ડ ડિસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક એસોસીએશન, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લી. તથા અમદાવાદ ડી. કો. ઓ. બેંક લી. ના પદાધિકારીઓનો આભાર માનું છું. બેંકના ઓડીટર્સ, એડવોકેટ્સ, વેલ્યુઅર્સનો આભાર માનું છું. આ તબક્કે બેંકના જનરલ મેનેજર ઈન્ચાર્જ શ્રી દર્શક સી. પટેલ દ્વારા આપવામાં આવેલી સેવાઓની તેમજ શ્રી ડી. એફ. ડાભી કે જેઓ ઉત્સાહ અને ખંતપૂર્વક જહેમત ઉઠાવી કામગીરી બજાવી રહ્યા છે. તેમને બિરદાવું છું. આ ઉપરાંત બેંકના શાખા મેનેજરો તથા તમામ કર્મચારીઓએ બેંકની પ્રગતિ અને વિકાસ માટે કર્તવ્ય પરાયણ બની નિષ્ઠાપૂર્વક તેમની ફરજ બજાવે છે. તેમની બેંકના સંચાલક મંડળ વતી હું કદર કરું છું.

બેંકના આધ્યસ્થાપકોએ સોંપેલી સેવા અને સહકારની જવાબદારી હાલના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તેમજ તમામ કર્મચારી નીભાવી રહ્યા છે. બેંકના સક્રિય અને નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોથી બેંકમાં વિશ્વાસનું વાતાવરણ તેમજ બીઝનેશ વૃદ્ધિ દર જાળવી શક્યા છીએ. બેંકના નવા સીમાચિન્હો પ્રસ્થાપિત કરવામાં આપ સૌનો સાથ-સહકાર અમોને કાયમ મળતો રહેશે તેવી અપેક્ષા રાખીએ છીએ. બેંકની પ્રતિષ્ઠા અને પ્રતિભા વધુ ઉપસી રહે તે માટે સતત ઘનિષ્ટ પ્રયત્નો ચાલુ રાખવા માટે પરમકૃપાળુ પરમાત્મા આપણને સૌને સમજ અને શક્તિ આપે તેવી નમ્ર પ્રાર્થના.

આપ સૌ જાણો છો કે, અત્યારે આખા વિશ્વમાં કોરોના (Covid-19) ની મહામારી ચાલી રહી છે. આ મહામારીમાં આપ સૌનું આરોગ્ય સારૂં રહે તેવી શુભકામના. આપણે જાણીએ છીએ કે, આ મહામારીનો સામનો આપણે બધાયે સેનીટાઈઝર, માસ્ક, સોશિયલ ડીસ્ટન્સનું પાલન કરીને કરવાનો છે. આ મહામારીમાંથી જલ્દીથી મુક્ત થઈએ તેવી પ્રભુને પ્રાર્થના.

આભાર,

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,

નવીનચંદ્ર અમૃતલાલ પટેલ
ચેરમેન



## સરસપુર નાગરિક કો. ઓ. બેંક. લિ.

તા. ૩૧મી માર્ચ ૨૦૨૦ના રોજનું સંક્ષિપ્ત સરવૈયું (રકમ રૂ. લાખમાં)

| ૩૧-૩-૨૦૧૯ રૂા. | ભંડોળ તથા દેવું | ૩૧-૩-૨૦૨૦ રૂા. | ૩૧-૩-૨૦૧૯ રૂા. | મિલ્કત તથા લેણું | ૩૧-૩-૨૦૨૦ રૂા. |
|---|---|---|---|---|---|
| ૩૦૨.૬૫ | વસુલ આવેલ શેર ભંડોળ | ૩૧૯.૮૪ | ૨૬૬.૭૭ | હાથ ઉપર રોકડ | ૬૮૩.૧૯ |
| ૭૩૪૩.૬૬ | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ | ૮૦૩૪.૮૮ | ૧૬૦૩.૩૪ | અન્ય બેંકમાં સિલક | ૧૦૫૭.૩૮ |
| ૩૫૩૪૮.૭૬ | થાપણો | ૪૪૦૧૫.૯૭ | ૬૫૪.૦૦ | ડીપોઝીટ (બેંકોમાં) | ૧૩૭૪.૦૦ |
| ૦.૦૦ | વસુલાત માટેના બીલ્સ | ૧.૬૦ | ૨૧૨૪૪.૬૭ | રોકાણો | ૨૫૪૧૪.૧૪ |
| ૨૨.૨૧ | મુદતવીતી વ્યાજ અંગે રીઝર્વ | ૨૧.૩૫ | ૨૦૬૬૬.૯૧ | ધિરાણ | ૨૩૮૩૨.૪૩ |
| ૧૩૬૨.૯૦ | ચુકવવાપાત્ર વ્યાજ | ૨૩૦.૪૩ | ૩૬૩.૧૫ | મળવાપાત્ર વ્યાજ | ૪૩૪.૩૯ |
| ૮૩૦.૫૫ | અન્ય જવાબદારીઓ | ૫૮૪.૯૮ | ૦.૦૦ | વસુલાત માટેના બીલ્સ | ૧.૬૦ |
| ૬૫૪.૦૬ | ચોખ્ખો નફો | ૭૧૩.૬૭ | ૪૬૨.૦૪ | મકાનો | ૪૬૬.૯૭ |
| | | | ૧૯૨.૫૫ | રાચરચીલું અને જડતર | ૧૯૯.૭૦ |
| | | | ૪૧૧.૩૬ | અન્ય અસ્કયામતો | ૪૫૮.૯૨ |
| | | | | | |
| ૪૫૮૬૪.૭૯ | કુલ | ૫૩૯૨૨.૭૨ | ૪૫૮૬૪.૭૯ | કુલ | ૫૩૯૨૨.૭૨ |

તા. ૩૧મી માર્ચ ૨૦૨૦ના રોજ પુરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું (રકમ રૂ. લાખમાં)

| ૩૧-૩-૨૦૧૯ રૂા. | ખર્ચ | ૩૧-૩-૨૦૨૦ રૂા. | ૩૧-૩-૨૦૧૯ રૂા. | આવક | ૩૧-૩-૨૦૨૦ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧૭૫૦.૫૫ | થાપણ - કરજ ઉપર વ્યાજ | ૨૬૦૮.૪૨ | ૩૩૧૦.૩૦ | વ્યાજ અને વટાવ | ૪૨૩૨.૯૧ |
| ૩૭૮.૭૬ | પગાર ખર્ચ, પ્રો. ફંડ ખર્ચ, સ્ટાફ. ગ્રે. | ૪૬૨.૭૧ | ૧૦.૫૬ | કમિશન-દલાલી | ૩.૨૫ |
| ૪૬.૪૩ | ભાડું, કર, વીમો, લાઈટીંગ | ૪૯.૬૧ | ૯.૦૦ | સરકારી જામીનગીરી વેચાણ આવક | ૩૨૯.૩૭ |
| ૬.૧૭ | કોર્ટ - વકીલ ફી | ૧.૯૩ | ૫૨.૮૦ | અન્ય આવક | ૭૭.૮૦ |
| ૪.૮૯ | તાર, ટપાલ, ટેલીફોન ખર્ચ | ૪.૫૦ | | | |
| ૭.૦૯ | ઓડીટ ફી | ૭.૨૮ | | | |
| ૬૫.૫૬ | મિલ્કત મરામત, ઘસારા ખર્ચ | ૬૭.૧૫ | | | |
| ૩૧.૭૦ | ડીપો.ઈન્સ્યુ. પ્રિમીયમ | ૩૮.૮૮ | | | |
| ૧૬.૭૦ | સ્ટેશનરી, છાપકામ, જાહેરાત | ૧૨.૫૪ | | | |
| ૧૦૫.૫૯ | અન્ય ખર્ચ | ૨૨૫.૧૨ | | | |
| ૩૧૫.૧૬ | ઈન્કમટેક્ષ તેમજ અન્ય જોગવાઈઓ | ૪૫૧.૫૨ | | | |
| ૬૫૪.૦૬ | ચોખ્ખો નફો | ૭૧૩.૬૭ | | | |
| ૩૩૮૨.૬૬ | કુલ | ૪૬૪૩.૩૩ | ૩૩૮૨.૬૬ | કુલ | ૪૬૪૩.૩૩ |

નોંધ : (૧) બેંકે તેની ડિપોઝીટ ઉપર ડિપોઝીટ વીમા પ્રિમીયમ પૂરતું અને સમયસર ભરેલ છે.
(૨) બેંકે બીજી કોઈ કંપનીના શેરોમાં રોકાણ કરેલ નથી.

To,
The Members,
Saraspur Nagrik Co-Operative Bank Limited
Ahmedabad.

## STATUTORY AUDITORS' REPORT

We are appointed as statutory auditors for your bank by the Joint Registrar (Audit) vide their letter No. J.N.-AASHNA/2460/J-4/769/2019 dated 07-06-2019 as per the conditions of the circular issued by the Registrar, Co-Operative Societies, Gujarat State, Gandhinagar.

**Report on the Financial Statements :**

1. We have audited the accompanying financial statement of **Saraspur Nagarik Co-Operative Bank Limited, Ahmedabad** as at 31st March, 2020 which comprises Balance Sheet as at 31st March, 2020 and accounting policies and other explainatory information.

   The financial statements audited by us incorporate the branch returns of 11 branches and Head office. The returns received from the respective branches have been verified from the records, ledgers maintained there at. These returns have been given effect in consolidation; while finalizing the accounts of the Bank at the year end.

**Management's Reponsibility for the Financial Statements :**

2. Management of the Bank is responsible for the preparation of these financial statements in accordance with banking regulation Act, 1949, relevant RBI guidelines applicable to the Bank and in accordance with accounting standard prescribed by Institute of Chartered Accounts of India. This responsibility includes the design, implementation and maintenance of internal control relevant to the preparation of the financial statements that are free from material misstatement, whether due to fraud or error.

**Auditor's Responsibility :**

3. Our responsibility is to express an opinion on these financial statements based on our Audit. We conducted our Audit in accordance with Standards of Auditing issued by the Institute of Chartered Accountants of India. Those standards require that we comply with ethical requirements and plan and perform the audit to obtain reasonable Assurance about whether the financial statements are free from material misstatement.

4. An audit involves performing procedures to obtain audit evidence about the amount and other information in the financial statements. The procedures selected depend on the auditor's judgement, including the assessment of the risks and material misstatement, whether due to fraud and error. In making those risk assessments, the auditor considers internal control relevant to the Branch's preparation and fair presentation of the financial statements in order to design audit procedures that are appropriateness of accounting policies and the reasonableness of the accounting estimates made by the management, as well as evaluating the overall presentation of the financial statements.

5. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our audit opinion.

**Opinion :**

6. In our opinion and according to the information and explainations provided to us :

   (i) The Balance Sheet, read with the notes thereon is a full and fair Balance Sheet containing all the necessary particulars, is properly drawn up so as to exhibit a true and fair view of state of affairs of the Bank as at 31st March, 2020 in conformity with accounting principles generally accepted in India.

   (ii) The Profit and Loss Account, read with the notes thereon shows a true balance of profit, in conformity with accounting principles generally accepted in India, for the year covered by the account; and

   (iii) The Cash Flow Statement gives a true and fair view of the cash flows for the year ended on that date.

**Report on Other Legal and Regulatory Requirements :**

7. The Balance sheet and Profit and Loss Account have been drawn up in as near as to the prescribed Form 'A' and 'B' respectively to the Third Schedule to the Banking Regulation Act, 1949 and they give the information as required to be given under the law and in conformity with it.

   The Accounting policies followed by the bank and the disclosures in respect of the following items are not in conformity with the Accounting Standards issued by the Institute of Chartered Accountants of India. It is not possible to ascertain their financial impact in the profit of the Bank.

   (a) Certain items are recognized on cash basis as stated in the Significant Accounting Policy para (3) as against Accounting Standard – 9.

RBI guidelines have been followed by Bank for matters such as income recognition, asset classification and provisioning.

8. Subject to the above remarks and our observation on the audit memo and General remarks forming part thereof read with significant Accounting Policies and Notes and Accounts as mentioned in the Annexure-1 we report that :

   (a) We have obtained all the information and explanation which, to the best of our knowledge and belief were necessary for the purpose of audit.

   (b) In our opinion proper books of accounts have been kept by the Bank so far as it appears from the examination of those books.

   (c) The returns received from the branches of the Bank have generally been found adequate for the purpose of audit.

   (d) The Board of Directors has, conducted the woking of the bank as per byelaws and also provisions of co-operative law/rules and the Board of Directors has followed the rules and regulations.

   (e) As per information and explaination given to us the Board of Directors has carried out the instruction of Reserve Bank of India, given from time to time.

(f) The Books of account and accounting system are maintained as required under provisions of Co-operative law and also the instructions of RBI.

(g) The transactions of the Bank which have come to our Notice has been within the powers of the Bank.

(h) The Balance Sheet and Profit & Loss account dealt with by this report are in agreement with the books of accounts and returns.

(i) Bank has properly maintained SLR and CRR standards.

(j) Bank has made proper classification of NPAs and provisions for the same as per RBI guidelines.

(k) No advance has been given to members of Board of Directors or their relatives during the year except against their own fixed deposit with the bank. Balance outstanding for the same as on 31-3-2020 was Rs. 176.82 lacs. (Last year Rs. 199.93 lacs)

(l) The Directors or other office bearers are not disqualified for their position.

(m) The discrepancies / procedural lapses observed during audit have been given in Audit memo.

(n) During the year no case of write off of dues undertaken by the bank. Hence we have no comments to offer.

9. In our opinion, the Balance Sheet, Profit and Loss Account and Cash Flow Statement comply with the applicable accounting standards except stated otherwise.

Date : 26-09-2020
Place : Himmatnagar

**For, P P Patel and Bros.**
Chartered Accountant

**Parth P Patel**
M. No. 164080
F.R. No. 107743W
(Panel No. 218)

# NOTES ON ACCOUNTS

1. The Bank is registered under The Gujarat State Co-operative Societies Act, 1961.

2. Provision for Non-Performing Assets.

| Particulars | Bad & Doubtful Debts Reserves & Spe. Bad & Doubtful Debts Provisions u/s 36(1) (via) |
|---|---|
| Balance as on 31-03-2020<br>Less : Provision required<br>Excess Provision held | 2449.93<br>269.93<br>2180.00 |

3. Outbreak of COVID-19 Pandemic has impacted credit and recovery segments of banking business. Though there has been an impact on recovery, loan default risk has been largely minimized on account of grant of moratorium in repayment of loans and other measures to reduce the interest burden by Reserve Bank of India. Bank has continued its operation through its branches and Digital roducts even during current scenario of COVID-19 and with partial relaxation of lockdown norms by Central and State Governments, full-fledged banking operations resumed in most of the branches after following safety norms. There may be an impact on revenue of the bank during 1st and 2nd quarter of the FY 2020-21 due to slow down of economic activity. With the measures being given by Government of India and State Governments, normalcy is expected to be restored by 3rd and 4th quarter of the current financial year. Nevertheless, the management believes that the adjustments are required in the financial results as the Bank is adequately capitalized and has sufficient liquidity to take care of its present and future operations and there would not be any significant impact on Bank's performance in future and going concern assumptions.

   As per RBI Circular no. RBI/2019-20/220 DOR No. BP.BC.63/21.04.048/2019-20 dated April 17, 2020, with regards to COVID-19 Regulatory Package - Asset Classification and Provisioning additional disclosures as on 31-03-2020 are as follows :

| | |
|---|---|
| Respective amounts in SMA/Overdue categories, where the moratorium / deferment was extended | 285.46 |
| Out of above amount, where asset classification benefits is extended | 28.55 |
| Provisions made during the years (Note-1) | 30.00 |
| Provisions adjusted during the respective accounting periods against slippages and the residual provisions in terms of paragraph-6 of the circular | N.A. |

   Note-1 : As per note B(2) above there was excess provision made amounting Rs. 2180 Lakhs and hence no additional provision is required to be provided amounting to Rs. 30.00 Lakhs, as per above referred circular during the year.

4. Contingent Liabilities

   (i) Capital contract remains to be executed : Rs. Nil

   (ii) Bank Guarantee :

| Sr. No. | Particulars | 31-03-2020 | 31-03-2019 |
|---|---|---|---|
| A | Contingent Liabilities in respect of bank guarantees etc. | | |
| 1 | Bank Guarantee | 16.42 | 13.85 |

(ii) Depositor Education and Awareness Fund (DEAF), Scheme-2014.

In terms of DBOD circular No. DEAF Cell.BC.114/30.01.002/2013-14 dated May 27, 2014

The bank has transferred credit balance amounting to Rs. 8.70 Lakhs (Previous year 11.32 Lakhs) (mentioned in sub-clause 1) to (viii) in clause 3 of DEAF scheme 2014) maintained with the bank which have not been in operation for 10 years or more. The required disclosure as per the said circular is as under :

| Particulars | 2019-20 | 2018-19 |
|---|---|---|
| Opening balance of amount transferred of DEAF | 1,08,88,386 | 99,70,313 |
| Add : Amount transferred to DEAF during the year | 8,70,458 | 11,31,798 |
| Less : Amount reimbursed by DEAF towards claims | 80,547 | 2,13,725 |
| Closing Balance of amount transferred to DEAF | 1,16,78,297 | 1,08,88,386 |

5. Bank has paid DICGC premium of Rs. 45,88,395.00 Including GST during the year.

6. Foreign Exchange Transaction :

   Bank is not authorized to deal in foreign exchange.

7. The Bank is co-operative society under the Gujarat state co-operative societies Act, 1961 and there are no related party requiring disclosure under the AS-18 issued by the ICAI, other than one Key Management personnel, Viz. Darshakbhai C. Patel, General Manager of the Bank. However, having regard to the RBI circular No. DBOD. BP.BC.89/21.04.018/2002-03 dated March 29, 2003 he being single party coming under the category, no further dtails thereon are required to be disclosed.

Date : 26-09-2020
Place : Himmatnagar

**For, P P Patel and Bros.**
Chartered Accountant

**Parth P Patel**
M. No. 164080
F.R. No. 107743W
(Panel No. 218)

# DISCLOSURE OF INFORMATION

(Rs. in Lacs)

| Sr. | Details | As on 31-3-2020 | As on 31-3-2019 |
|---|---|---|---|
| **1.** | **Capital to Risk Weight Asset Ratio (CRAR)** | 24.27% | 24.91% |
| **2.** | **Movement of CRAR** | | |
| | (a) Tier - I Capital | 21.43% | 22.36% |
| | (b) Tier - II Capital | 2.84% | 2.55% |
| **3.** | **Valuation of Investments** | | |
| | (a) Book Value of Investments | 24895.64 | 19726.18 |
| | Face Value of Investment | 24328.00 | 19802.89 |
| | (b) Market Value of Investment | 25096.85 | 18859.06 |

**Details of Issuer composition of non-SLR investments and non performing non-SLR investment**

**• Issuer Composition of NON SLR Investments**

| No. | Issuer | Amount | Extent of below investment grade securities | Extent of Unrated Securities | Extent of Unlisted Securities |
|---|---|---|---|---|---|
| 1. | PSUs | Nil | Nil | Nil | Nil |
| 2. | FIs | Nil | Nil | Nil | Nil |
| 3. | Public Sector Banks | Nil | Nil | Nil | Nil |
| 4. | Mutual Funds | 1000 | 1000 | Nil | Nil |
| 5. | Others | Nil | Nil | Nil | Nil |
| 6. | Provision held towards depreciation | Nil | Nil | Nil | Nil |

**Non Performing Non SLR Investments**

| No. | Particulars | Amount |
|---|---|---|
| 1. | Opening Balance | — |
| 2. | Addition during the year since 1st April | — |
| 3. | Reduction during the above period | — |
| 4. | Closing Balance | — |
| 5. | Total Provisions held | — |

| | | | |
|---|---|---|---|
| **4.** | **Advances against Real Estate, Contr. Business, Housing** | | |
| | (a) Advance ag. Real Estate, Construction Business | 1503.08 | 1125.12 |
| | (Percentage to Total Advances) | 6.31% | 5.44% |
| | (b) Advance against Housing | 5131.01 | 4392.60 |
| | (Percentage to Total Advances) | 21.53% | 21.25% |
| **5.** | **Advances against Share & Debenture** | – | — |
| **6.** | **Advances to directors / their relatives, comp./firms** | | |
| | (a) Fund Based | 176.82 | 199.93 |
| | (b) Non Fund based (Guarantees, L/C etc.) | – | — |
| **7.** | **Average Cost of Deposits** | 6.02% | 5.42% |

| Sr. | Details | As on 31-3-2020 | As on 31-3-2019 |
|---|---|---|---|
| 8. | **Non Performing Assets (NPAs)** | | |
| | (a) Gross NPAs | 627.19 | 410.28 |
| | Gross NPAs (% to Gross Advances) | 2.63% | 1.98% |
| | (b) Net NPAs | Zero | Zero |
| | Net NPAs (% to Net Advances) | Zero | Zero |
| 9. | **Movement in NPAs** | | |
| | (a) Opening Balance of NPAs | 410.28 | 330.05 |
| | (b) Additional NPAs discovered | 324.46 | 218.33 |
| | (c) Recovery Made during the year | 107.45 | 138.10 |
| | (d) Closing Balance of NPAs (a+b-c) | 627.29 | 410.28 |
| 10. | **Profitability** | | |
| | (a) Interest Income as a % of working funds | 7.85% | 7.12% |
| | (b) Non-Interest income as a % of working funds | 0.76% | 0.16% |
| | (c) Operating profit as a % of working funds | 1.99% | 2.11% |
| | (d) Return on Assets | 2.31% | 2.35% |
| | (e) Business (Deposits+Advances) per employee | 869.85 | 756.97 |
| | (f) Profit per employee | 14.93 | 13.10 |
| 11. | **Provision towards** | | |
| | (a) NPA | 2449.93 | 2351.82 |
| | (b) Provision towards Depreciation in Investment | 686.98 | 686.98 |
| | (c) Provision towards Standard Assets | 155.00 | 136.00 |
| 12. | **Movement of Provisions :** | | |
| | (a) Towards NPAs | | |
| | Opening Balance | 2351.80 | 2261.00 |
| | Provisions made during the year | 98.11 | 90.82 |
| | Write-off / Transfer of excess provisions | — | --- |
| | Closing Balance | 2449.93 | 2351.82 |
| | (b) Towards Depreciation on Investment | | |
| | Opening Balance | 686.92 | 686.92 |
| | Provisions made during the year | — | --- |
| | Write-off / Transfer of excess provisions | — | --- |
| | Closing Balance | 686.92 | 686.92 |
| | (c) Towards Standard Assets | | |
| | Opening Balance | 136.00 | 136.00 |
| | Provisions made during the year | 19.00 | --- |
| | Write-off / Transfer of excess provisions | — | --- |
| | Closing Balanace | 155.00 | 136.00 |
| 13. | **Foreign currency assets & Liabilities (if applicable)** | — | --- |
| 14. | **Insurance Premium paid to DICGC during the year** | 38.88 | 37.40 |
| 15. | **Any Penalty Imposed by RBI** | Nil | Nil |
| 16. | **Restructured Accounts** | Nil | NIl |
| 17. | **Fixed Assets Valuation / Revaluation** | | |
| | (a) The Bank has adopted historical cost convention approach for preparing its financial statements. Therefore the bank has not formatted any policy for revaluation of fixed assets owned by the Bank. | | |
| | (b) The bank has adopted policy for valuation of properties taken up as prime securities or as collateral securities by appointing penal of govt. approved valuers. | | |

# સૂચના

(૧) ધીરાણ લેનાર માટે જામીનદાર થનાર સભાસદે ખાસ સમજવું જરૂરી છે કે તે કરજદારે લીધેલી રકમ તથા વ્યાજની કુલ રકમ માટે તે કરજદાર જેટલા જ જવાબદાર છે, નહિ કે ફાળે પડતી રકમ માટે. મુદતવીતી બાકીદારના જામીન થનાર સભ્યને ધીરાણની સગવડ મળતી નથી.

(૨) ધીરાણ ખાતાઓમાં માસિક વ્યાજ કરજ લેનાર વ્યક્તિને સુચનાપત્ર મળે કે ના મળે તો પણ ત્યાર પછીના માસની ૭ તારીખ સુધીમાં વ્યાજ ભરી જવું ફરજિયાત છે તેમ કરવામાં ચુક થશે તો મુદતવિતી બાકીદાર ગણાશે.

(૩) કરજદારે પોતે લીધેલ કરજની પાકતી તારીખ યાદ રાખવાની છે. બેંક તરફથી પાકતી તારીખનો પત્ર મોકલવામાં આવે છે છતાં ન મળે તો બેંક જવાબદાર નથી.

(૪) રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાની માર્ગદર્શિકા પ્રમાણે દરેક સભાસદે કે.વાય.સી. અંગેના જે નિયમો છે તે મુજબ બેંકને જરૂરી પુરાવા આપવા ફરજીયાત છે. શેર ઉપરનું ડિવિડન્ડ જમા કરવા માટે સભાસદે પોતાની બેંકનો ખાતા નંબર આપવો જરૂરી છે.

## સભાસદોને મળતી આર્થિક સહાયની વિગતો (તા. ૧-૫-૨૦૧૬ થી અમલમાં)

**(૧) મૃત્યુ આર્થિક સહાય : બેંકના સભાસદનું અકસ્માતમાં મૃત્યુ થાય અથવા કુદરતી મૃત્યુ થાય તો બેંક તરફથી રૂા. ૫,૦૦૦/- ની આર્થિક સહાય તેના વારસદારને મૃત્યુ તારીખથી ૩ માસમાં બેંકમાં નિયત કરેલા ફોર્મમાં અરજી કરવાથી મળશે.**

**(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ પુરસ્કાર :**

(એ) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં પાસ થનાર બેંકના સભાસદોના સંતાનોની આવેલ અરજીઓમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સંતાનને અનુક્રમે રૂા. ૧૫૦૦/-, રૂા. ૧૨૦૦/- અને રૂા. ૯૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે. આ અંગે ૮૫ ટકા કે તેથી વધારે ટકા મેળવનારે જ નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કરવાની રહેશે.

(બી) ગુજરાત ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહ પરીક્ષામાં પાસ થનાર બેંકના સભાસદોના સંતાનોની આવેલ અરજીઓમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સંતાનને અનુક્રમે રૂા. ૧૫૦૦/-, રૂા. ૧૩૦૦/- અને રૂા. ૧૧૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે. આ અંગે ૭૫ ટકા કે તેથી વધારે ટકા મેળવનારે જ નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કરવાની રહેશે.

(સી) ગુજરાત ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ પરીક્ષામાં પાસ થનાર બેંકના સભાસદોના સંતાનોની આવેલ અરજીઓમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સંતાનને અનુક્રમે રૂા. ૧૭૦૦/-, રૂા. ૧૫૦૦/- અને રૂા. ૧૩૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે. આ અંગે ૭૦ ટકા કે તેથી વધારે ટકા મેળવનારે જ નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કરવાની રહેશે.

**(૩) આંખના મોતીઆના ઓપરેશન અંગે આર્થિક સહાય :**

બેંકના સભાસદને ફક્ત એક જ આંખના ઓપરેશન માટે રૂા. ૨૦૦૦/- ની મર્યાદામાં નીચેની શરતોને આધીન આર્થિક સહાય આપવામાં આવશે.

(૧) મોતીઆના ઓપરેશન કરાવ્યાની તારીખથી ૩ માસની અંદર બેંકના નિયત કરેલ ફોર્મમાં જરૂરી વિગત ભરીને અરજી કરવાની રહેશે.

(૨) મોતીઆના ઓપરેશન માટે ચુકવવામાં આવેલ ફીની અસલ પહોંચ તથા હોસ્પિટલમાં દાખલ થયા અંગે તથા કઈ આંખનું ઓપરેશન કરાવ્યું છે તેનું અસલ સર્ટિફીકેટ, ડૉક્ટરની સહી સાથેનું રજુ કરવાનું રહેશે.

(૩) મોતીઆના ઓપરેશન અંગેના ખર્ચનો મેડીક્લેઈમ પોલીસી નીચે ક્લેઈમ કરનાર સભાસદને આ સહાય મળશે નહીં.

**જરૂરી સૂચનાઓ :**

(૧) ઉપરોક્ત આર્થિક સહાયના અરજી ફોર્મ શાખાના મેનેજર પાસેથી મેળવીને સભાસદશ્રીએ નિયત કરેલ અરજી ફોર્મમાં જ અરજી કરવાની રહેશે.

(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ પુરસ્કાર અંગેની અરજી સાથે માર્કશીટ જોડીને ૩૧મી ઓગસ્ટ સુધીમાં બેંકને મોકલી આપવાની રહેશે.

**આપના સાથ અને સહકારથી બેંકની ગરિમા વધુ ગૌરવવંતી બની રહી છે અને બેંકની વિશ્વસનિયતા વધુ સુદૃઢ બની રહી છે, તે બદલ સૌ સભાસદોનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.**

# ડીપોઝીટ ઉપરના વ્યાજના દર

## બાંધી મુદતના વ્યાજદર

**તા. ૦૧-૦૭-૨૦૨૦ થી અમલમાં**

| | |
|---|---|
| ૦૧૫ દિવસથી ૦૪૫ દિવસ સુધી | ૪.૦૦% (નો. ક્યુમ્યુલીટીવ) |
| ૦૪૬ દિવસથી ૦૯૦ દિવસ સુધી | ૪.૫૦% (નો. ક્યુમ્યુલીટીવ) |
| ૦૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૫.૦૦% (નો. ક્યુમ્યુલીટીવ) |
| ૧૮૧ દિવસથી ૩૬૪ દિવસ સુધી | ૫.૫૦% (નો. ક્યુમ્યુલીટીવ) |
| ૧ વર્ષથી ૨ વર્ષ સુધી | ૬.૨૫% (ક્યુમ્યુલીટીવ) |
| ૨ વર્ષથી ઉપર અને ૩ વર્ષ સુધી | ૬.૦૦% (ક્યુમ્યુલીટીવ) |

નોંધ : સીનીયર સીટીઝન (૬૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના) ને ૧ વર્ષથી વધુ મુદતની થાપણ માટે પ્રવર્તમાન વ્યાજના દરથી ૦.૫૦% વધુ વ્યાજ આપવામાં આવશે.

# બેંકની વિવિધ ધીરાણ સ્કીમના વ્યાજના દર

**તા. ૧-૮-૨૦૨૦ થી અમલમાં**

| નં. | ધીરાણની સ્કીમ | | વ્યાજના દર |
|---|---|---|---|
| ૧. | પર્સનલ લોન (રૂા. ૧ લાખ સુધી) | | ૧૪.૦૦% |
| ૨. | ઓટો લોન | | |
| | (અ) કાર - નવી કે જુની | ૩૬ માસના રીપેમેન્ટ માટે | ૮.૩૦% |
| | | ૬૦ માસના રીપેમેન્ટ માટે | ૮.૬૦% |
| | | ૮૪ માસના રીપેમેન્ટ માટે | ૮.૯૦% |
| | (બ) ટુ વ્હીલર, થ્રી વ્હીલર | | ૧૧.૫૦% |
| | (ક) કોમર્શીયલ વાહન | | ૧૧.૫૦% |
| ૩. | હાઉસીંગ લોન (રૂા. ૭૦ લાખ સુધી) | | ૮.૪૦% |
| ૪. | ડૉક્ટર્સ લોન | | ૧૦.૦૦% |
| ૫. | ગૃહ ઉપયોગી વસ્તુઓ ખરીદવાની લોન (રૂા. ૧ લાખ સુધી) | | ૧૧.૦૦% |
| ૬. | એજ્યુકેશન લોન (રૂા. ૧૦ લાખ સુધી) | | ૧૧.૦૦% |
| ૭. | મહિલા સ્વરોજગાર લોન (રૂા. ૫૦,૦૦૦/- સુધી) | | ૧૧.૦૦% |
| ૮. | મશીનરી ટર્મ લોન | | ૧૧.૦૦% |
| ૯. | બીઝનેશ બિલ્ડીંગ ખરીદી લોન | | ૧૧.૦૦% |
| ૧૦. | હાઈપોથીકેશન ઓફ સ્ટોક / બુક ડેબ્ટસ | | ૧૧.૦૦% |
| ૧૧. | બીઝનેસ - મોર્ગેજ ઓવરડ્રાફ્ટ / લોન | | ૧૧.૫૦% |
| ૧૨. | એફ.ડી. ઓવરડ્રાફ્ટ / લોન (ડીપોઝીટ દર ઉપર) | | ૧.૦૦% |
| ૧૩. | એન.એસ.સી./કે.વી.પી./એલ.આઈ.સી. પોલીસી સામે લોન/ઓવરડ્રાફ્ટ | | ૧૧.૦૦% |

**લોન / ધીરાણ અંગેની વિશેષ માહિતી માટે આપની નજીકની શાખાના મેનેજરનો સંપર્ક કરશો.**

# સરસપુર નાગરિક કો. ઓ. બેંક લી.

**સ્થાપના તા. ૫-૯-૧૯૬૮**

હેડ ઓફીસ | ૧, દર્શન સોસાયટી, કોમર્સ રોડ, સ્ટેડીયમ સર્કલ, નવરંગપુરા, અમદાવાદ-૯.
ફોન : ૨૬૫૬૯૩૭૬, ૨૬૪૬૧૬૩૦ ફેક્સ : (૦૭૯) ૨૬૪૦૧૫૩૪
E-mail : sncbank@gmail.com • Website : www.saraspurbank.com

**૫૨ વર્ષથી બેન્કીંગ સેવામાં કાર્યરત** | **આપણી "સરસ" સહકારી બેંક**

## બેંકની શાખાઓ

**(૧) સરસપુર :**
સરસપુર ચાર રસ્તા,
જાગનાથ મહાદેવ સામે,
સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.
ફોન : ૨૨૯૨૮૫૭૫ ફેક્સ : (૦૭૯) ૨૨૯૨૦૪૧૦

**(૨) વસ્ત્રાલ :**
૧, ક્રિષ્ના કોમ્પલેક્ષ, વન્ડર પોઈન્ટ સામે,
એચ. પી. પેટ્રોલ પંપ પાસે, ને.હા.નં. ૮,
અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.
ફોન : ૨૫૮૫૬૮૪૭ ફેક્સ : (૦૭૯) ૨૫૮૫૬૯૬૪

**(૩) નવરંગપુરા :**
૧, દર્શન સોસાયટી,
કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૨૬૪૬૩૧૩૦, ૨૬૪૬૧૬૩૦
ફેક્સ : (૦૭૯) ૨૬૪૦૧૫૩૪

**(૪) મેમનગર :**
પહેલો માળ, માનસી પોઈન્ટ,
મારૂતી કોમ્પલેક્ષ સામે, સુભાષ ચોક,
ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
ફોન : ૨૭૪૭૫૫૬૬ ફેક્સ (૦૭૯) ૨૭૪૮૯૫૧૭

**(૫) કઠવાડા :**
૬૨, ૬૩, બિલેશ્વર ઈન્ડ. એસ્ટેટ,
ગુજરાત વેપારી મહામંડળ સામે, રીંગ રોડ પાસે,
કઠવાડા રોડ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.
ફોન : ૨૨૯૦૨૯૯૮ ફેક્સ : (૦૭૯) ૨૨૯૦૧૪૫૫

**(૬) નવા નરોડા :**
૧૦૮ થી ૧૧૧, પહેલો માળ, શ્રીરામ રેસીડેન્સી,
નિલકંઠ મહાદેવની સામે, સરદાર પટેલ ચોક,
નવા નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૩૦.
ફોન : ૨૨૮૦૦૪૬૮ ફેક્સ : (૦૭૯) ૨૨૮૦૦૪૬૭

**(૭) સાંતેજ રોડ :**
૧, ભવાની એસ્ટેટ, સાંતેજ રોડ-૩૮૨૭૨૧,
તા. કલોલ, જિ. ગાંધીનગર.
ફોન : (૦૨૭૬૪) ૨૮૬૩૪૪
ફેક્સ : (૦૨૭૬૪) ૨૮૬૩૪૩

**(૮) અમરાઈવાડી :**
૨૯૧/૨, નવો વાસ, મ્યુનિસીપલ સ્કૂલ સામે,
અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.
ફોન : ૭૫૬૭૨૨૭૭૨૨

**(૯) ગોતા :**
૨૯, પહેલો માળ, શુકન રેસીડેન્સી,
વંદેમાતરમ રોડ, ગોતા, અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોન : ૯૩૭૭૧૧૫૫૬૬

**(૧૦) રાણીપ :**
૧, બાલારામ સોસાયટી, ગાયત્રી મંદિર રોડ,
રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦.
ફોન : ૨૭૫૨૫૧૦૦

**(૧૧) નિકોલ :**
૧, ૨, ગ્રાઉન્ડ ફ્લોર, શ્યામ આર્કેડ બીઝનેસ હબ, ગંગોત્રી સર્કલ, વૃંદાવન પાર્ટી પ્લોટ રોડ,
નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦. ● ફોન : ૬૪૦૯૩૦૧૨૧૫

**બેંકના કામકાજનો સમય**
**સોમવારથી શનિવાર સવારના : ૯-૩૦ થી બપોરના : ૪-૦૦ સુધી**

**લોકર્સનો સમય**
**સોમવારથી શનિવાર સવારના : ૧૦-૦૦ થી બપોરના : ૪-૦૦ સુધી**

# સરસપુર નાગરિક કો–ઓપરેટીવ બેંક લીમીટેડ
## પરિશિષ્ટ-અ
### બેંકના હાલના પેટાનિયમોમાં જરૂરી સુધારા-વધારાની યાદી

| અ.નં. | હાલનો પેટાકાયદો | સુધારો કર્યા બાદ બનતો પેટા નિયમ | સુધારનું કારણ |
|---|---|---|---|
| ૩૨ | **બોર્ડની પેટા કમિટી :**<br>પોતાની ફરજો પૈકી જરૂર લાગે તેવી ફરજો અગર બીજા કરવાના ખાસ કામો ડીરેક્ટરોની બોર્ડ પોતાનામાંથી નીમેલા સભ્યોને પેટા કમિટીને સોંપી શકશે. આવી પેટા કમિટીનું કામ સાધારણ રીતે બોર્ડનું કામકાજ જે રીતે ચાલતું હશે તે રીતે અને તે ધોરણે ચાલશે. આ રીતે નીમેલી પેટાકમિટી બોર્ડની સુચના પ્રમાણે ફરજો બજાવશે.<br>(૧) બોર્ડ ઓફ ડીરેક્ટર્સ બહુમતીથી બોર્ડના સભ્યમાંથી અગર તેના સભાસદોમાંથી એક સલાહકારી સમિતિની નિમણૂંક કરી શકશે અને તે સમિતિ બેંકના હિતમાં અને વિકાસ માટે પોતાના સૂચનો બોર્ડને મોકલી આપશે. | **બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને બોર્ડની પેટા કમિટી**<br>(૧) બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, બેંકની વહીવટી ફરજો, નિયમન અંગે સહાયરૂપ થવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સુચના અનુસાર જરૂરી જુદી જુદી પેટા-કમિટી રચના કરશે. આ રીતે નિમેલી પેટા કમિટી બોર્ડની સુચના અનુસાર ફરજો બજાવશે અને બોર્ડને સહાયરૂપ બનશે.<br>(૨) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સુચના અનુસાર બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરશે. જેનું કદ, કાર્યક્ષેત્ર, મુદ્દત, મીટીંગ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓની લાયકાત, સીટીંગ ફી વગેરે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના આદેશ અનુસાર રહેશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટ, બોર્ડ ઓફ ડીરેક્ટર્સને તેમની ફરજો બજાવવામાં સહાયકરૂપ બનશે. | રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સુચના મુજબ. |
| ૪૮(એ)<br>(૨) | કલમ-૬૭(ક) અન્વયે ડૂબત લેણાં ફંડ ખાતે ૧૫% ફાળવવામાં આવશે. | કલમ-૬૭(ક) અન્વયે ડૂબત લેણા ફંડ ખાતે ૮% ફાળવવામાં આવશે. | ગુજરાત કો. ઓપરેટીવ સોસાયટી એક્ટ ૧૯૬૧ માં થયેલ સુધારા મુજબ |